# <u>બજેટ ૨૦૧૬</u>

## <u>બજેટ ૨૦૧૬માં  ઈન્કમટેક્ષને લગતા અગત્યના સુધારા</u>

(૧) **<u>ટેક્ષ રાહત :</u>**

હાલમાં રૂ. પાંચ લાખથી નીચેની આવક ધરાવનાર ભારતીય રહીશ વ્યકિતને રૂ.૨૦૦૦/- ની ટેક્ષ રાહત મળવા પાત્ર છે. નવા બજેટ અનુસાર ટેક્ષ-રાહતની મર્યાદા વધારીને રૂ.૫૦૦૦/- કરવામાં આવેલ છે. ટુંકમાં ભારતીય રહીશ હોય તેવી વ્યકિત (Individual) ના કેસમાં તેની આવક રૂ.૫ લાખ થી નીચે હોય તે ભરવા પાત્ર ટેક્ષની રકમ માંથી મહત્મ રૂ.૫૦૦૦/- સુધીની ટેક્ષમાં રાહત આપેલ છે. જો આવી વ્યકિતને ભરવાપાત્ર ટેક્ષની રકમ રૂ.૫૦૦૦/- થી ઓછી થતી હોય તો તેવી પુરેપુરી રકમ ટેક્ષમાંથી રાહત તરીકે બાદ મળશે.

(૨) **<u>ચૂકવવાપાત્ર ઘર-ભાડામાં રાહત :</u>**

હાલમાં જે વ્યકિત પાસે પોતાનું ઘર નથી અને જેઓને કોઈપણ પ્રકારનું ઘર-ભાડા ભથ્થું મળવા પાત્ર નથી. તેવી વ્યકિતએ ચૂકવવા પડતા ઘર-ભાડાની રકમ કલમ 80GGA નીચે રૂ.૨૪૦૦૦/- સુધી બાદ મળવા પાત્ર છે. જે મર્યાદા વધારીને રૂ.૬૦૦૦૦/- ની કરવામાં આવી છે.

(૩) **<u>કલમ ૪૪ એડી અનુસાર પ્રીઝમ્પટીવ આવક :</u>**

(૧) હાલમા ધંધો કરનાર વ્યકિત, એચ.યુ.એફ. તથા ભાગીદારી પેઢી, જેઓનું કુલ ટર્ન ઓવર રૂ.૧ કરોડથી ઓછું હોય તેઓ ઓડીટ કરાવવા ના માંગતા હોય તો કુલ ટર્ન ઓવરના ૮ ટકા લેખે નેટ આવક બતાવીને રીટર્ન ઓફ ઈન્કમ ભરવાનું હોય છે. નવા બજેટ અનુસાર કુલ ટર્ન ઓવરની મર્યાદા રૂ.૧ કરોડથી વધારીને રૂ.૨ કરોડ કરવામાં આવી છે. આ જોગવાઈ અન્ય શરતોને આધીન લાગુ પડશે.

(૨) હાલમાં વ્યવસાય કરનાર વ્યકિત કે ભાગીદારી પેઢી ની કલમ ૪૪ એડી અનુસાર પ્રીઝમ્પટીવ આવક બતાવવા અંગેનો લાભ મળતો નથી. પરંતુ નવા બજેટ અનુસાર વ્યવસાયી વ્યકિત / ભાગીદારી પેઢીની કુલ આવક રૂ.૫૦ લાખ અથવા તેનાથી ઓછી હોય અને ઓડીટ કરાવવા ના માંગતા હોય તો તેઓ તમની કુલ આવકના ૫૦ ટકા જેટલી આવક બતાવીને રીર્ટન ઓફ ઈન્કમ ભરી શકશે.

(૪) <u>નવી ઉત્પાદક કંપની :</u>

તા.૦૧-૦૩-૨૦૧૬ પછી ઉભી કરવામાં આવેલ (Incorporated)

ઉત્પાદક કંપની (Mfg. Co.) ને ભરવા પાત્ર બેઝીક ટેક્ષનો દર ૨૫ ટકા રહેશે.પરંતુ આવી કંપની નફા અને રોકાણલક્ષી તથા ઈન્વેસ્ટમેન્ટ એલાઉન્સ અને વધારાના ધસારાને લગતા કોઇ લાભ મળવાપાત્ર રહેશે નહિ.

(૫) <u>રૂ.૫ કરોડથી ઓછુ ટર્ન ઓવર ધરાવતી કંપની :</u>

રૂ.૫ કરોડથી ઓછુ ટર્ન ઓવર ધરાવતી કંપની પર નો બેઝીંક ભરવાપાત્ર ટેક્ષનો દર ૨૯ ટકા રહેશે

(૬) <u>સ્ટાર્ટ-અપ ને કરમાં રાહત :</u>

તા.૦૧-૦૪-૨૦૧૬ થી તા.૩૧-૦૩-૨૦૧૯ ના સમયગાળા દરમ્યાન શરૂ કરાયેલ (સ્ટાર્ટ-અપ) ને પહેલા ૫ માંથી ૩ વર્ષ માટે નફાના ૧૦૦ ટકા જેટલી રકમ કપાત તરીકે બાદ મળશે, પરંતુ મેટની જોગવાઈ લાગુ પડશે.

(૭) <u>પેટન્ટ ની આવક :</u>

ભારતીય રહીશ વ્યકિતએ ભારતમાં જ વિકસત કરેલ અને ભારતમાં જ નોંધાયેલ હોય તેની પેટન્ટની આવક પર ટેક્ષનો દર ૧૦ (દશ) ટકા રહેશે.

(૮) **<u>અનલીસ્ટેડ કંપનીના શેર પર ઉદભવેલ લાંબા ગાળાનો મુડી–નફો :</u>**

હાલમાં અનલીસ્ટેડ કંપનીના શેર આપ્યા / ખરીધ્યા તારીખ થી ૩ વર્ષ બાદ વેચવામાં આવે તો તેના પર થતો નફો / નુકસાન લાંબા ગાળાના ગણાય છે. નવા બજેટ અનુસાર આ સમય મર્યાદા ૩ વર્ષથી ઘટાડીને ૨ વર્ષ કરવામાં આવી છે.

(૯) **<u>ભરવાપાત્ર ટેક્ષ ઉપર ઉઘરાવાતો સરચાર્જ :</u>**

હાલમાં રૂ.૧ કરોડથી વધારે કરપાત્ર આવક ધરાવનાર વ્યકિત તથા એચ.યુ.એફ. ના કેસમાં ટેક્ષની ભરવા પાત્ર રકમના ૧૨ ટકા જેટલી રકમ સરચાર્જ તરીકે ભરવાની હોય છે. નવા બજેટ અનુસાર સરચાર્જની રકમ ૧૨ ટકા ના બદલે વધારીને ૧૫ ટકા કરવામાં આવી છે.

(૧૦) **<u>હાઉસીંગ લોન પર ચુકવવા પાત્ર વ્યાજ :</u>**

નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન પહેલી જ વાર નવું ઘર ખરીદતા હોય તેવી વ્યકિતને જો આ નવા ઘરની કિંમત રૂ.૫૦ લાખથી વધતી ના હોય અને લીધેલી હાઉસીંગ લોનની રકમ રૂ.૩૫ લાખથી વધતી ના હોય તો નવી કલમ ૮૦ઈઈ અનુસાર બાદ મળવાપાત્ર વ્યાજની રકમ રૂ.૫૦૦૦૦/– સુધીની રહેશે.

(૧૧) **<u>આ.ડી.એસ. (ઈન્કમ ડીસ્કલોઝર સ્કીમ) :</u>**

છુપાવેલ આવક / મિલકતને જાહેર કરવા માટે આ યોજના અમલમાં લાવેલ છે. જે અનુસાર કોઈપણ ડોમેસ્ટીક કરદાતા 30 ટકા ટેક્ષ, ૭.૫ ટકા સરચાર્જ અને ૭.૫ ટકા પેનલ્ટી ભરીને આવક / મિલકતને જાહેર કરી શકશે. કુલ ટેક્ષની જવાબદારી ૪૫ ટકા જેટલી થશે. પરંતુ આવા કરદાતા સામે કોઈ ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે નહી. આ યોજના અમુક શરતોને આધીન લાગુ પડશે.

(૧૨) **<u>ડિવિડડ પર ટેક્ષ ભરવાની જવાબદારી :</u>**

હાલમાં જે કંપનીએ ડિવિડંડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્ષ ભરીને ડિવિડંડ જાહેર કર્યુ હોય તેવા ડિવિડંડ ની આવક મેળવનાર વ્યકિતના હાથમાં તે આવક કરપાત્ર નથી. નવા બજેટ અનુસાર આવા ડિવિડંડની વ્યકિત/એચ.યુ.એફ./ ફર્મ દીઠ મળવાપાત્ર રકમ રૂ.૧૦ લાખથી વધારે થાય તો તેવા કેસમાં ૧૦ ટકા લેખે ટેક્ષ ભરવાની જવાબદારી ડિવિડંડ મેળવનારની રહેશે.

(૧૩) **<u>રૂ.૧૦ લાખથી ઉપરની મોટરકારની ખરીદી પરનો ટેક્ષ :</u>**

રૂ.૧૦ લાખથી ઉપરની મોટરકાર વેચનાર વ્યકિતએ મોટરકારની વેચાણ કિંમતના ૧ ટકા લેખે ટેક્ષ ઉધરાવીને સરકારમાં જમા કરાવાનો રહેશે.

(૧૪) **<u>રોકડમાં માલસામાનનું વેચાણ / સેવાની ચૂકવણી :</u>**

જો કોઈ વ્યકિત ધ્વારા રૂ.૨ લાખ કે તેથી વધારે રકમના માલાસામાનની ખરીદી રોકડમાં કરવામાં આવે તો વેચનાર વ્યકિતએ વેચાણની કુલ રકમ ઉપર ૧ ટકા લેખે ટેક્ષ ઉધરાવીને સરકારમાં જમા કરવાનો રહેશે. આજ રીતે કોઈ સેવા લીધેલ હોય તો પણ આ જોગવાઈ લાગું પડશે, પરત જો કોઈ કારણસર આ રકમ પર ટેક્ષ કપાત (ટી.ડી.એસ.) કરેલ હોય તો ટેક્ષ ઉધરાવવાનો રહેશે નહિ.